જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૫/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૧૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૮૬ લીટર દેશી દારૂ, ૧૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૪૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૩૮ બિયર ટીન અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૭ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૩,૮૦૩/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૨૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૭૨૧/૨૦૨૬**

માધવપુરાઃ સુરેશભાઇ નારણભાઇ પટણી (ઉ.વ.૩૨) (રહે. ટેકરાવાળી ચાલી ઈદગાહ પેટ્રોલપંપ પાછળ ઇદગાહ સર્કલ માધવપુરા) એ તા.૨૧/૦૫/૨૦૨૬ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુરેશભાઈ પટણીના સંબંધી જેલમાં હોય તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર ૯૪૨૯૫૫૮૯૮૮ અને ૮૧૨૮૨૮૧૭૭૪ ના ધારકોએ ફોન કરી સુરેશભાઈ પટણીના સંબંધીના પેરોલ મંજુર કરવા બાબતે વાતચીત કરી વિશ્વાસમાં લઈ સુરેશભાઈ પટણી પાસે પૈસાની માંગણી કરતા પેરોલ મંજુર કરવા માટે સુરેશભાઈ પટણીના સંબંધીના ખાતામાંથી ઓનલાઇન રૂપિયા ૧૭,૦૦૦/– તેઓના ખાતામાં ટ્રાન્સફર કરાવી મેળવી લીધા હતા. ત્યારબાદ સુરેશભાઈ પટણીના સંબંધીના ખાતામાંથી ઈન્ટરનેટના માધ્યમથી રૂપિયા ૨૮,૦૦૦/– ઉપાડી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઝેડ.એન.ઘાસુરા ચલાવે છે.

રાણીપઃ સુભાષબ્રીજ રેલવેબ્રીજ કંકુમાની ચાલી ખાતે રહેતી મહીલાએ તા.૨૧/૦૫/૨૦૨૬ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના પુત્રને ટ્યુશનની ફી ભરવા માટે રૂપિયા ૪૦૦૦/– આપ્યા હતા જે ફી ના પૈસા રસ્તામાં ક્યાંક પડી જતા તા.૧૫/૦૪/૨૦૨૬ પહેલા મહીલાના પુત્ર એ ફી ભરવા માટે પડોશમાં રહેતા તેના મિત્ર વિજય બાબુલાલ મેઘવાલ (મુળ વતનઃ– મારવાડ જંક્શન જી– પાલી રાજસ્થાન) પાસેથી પૈસાની માંગણી કરતા તેને જણાવેલ કે "ઘરમાં દાગીના હોય તો લઈ આવ, જે દાગીના ગીરવે મુકી પૈસા અપાવું" તેમ કહેતા મહીલાના પુત્રએ પોતાના ઘરેથી સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬,૫૮,૦૦૦/– મતાના લઈ પોતાના મિત્ર વિજય મેઘવાલને આપ્યા હતા. ત્યારબાદ જ્યારે મહીલાને આ બાબતની ખબર પડી ત્યારે વિજય મેઘવાલ પાસેથી સોના–ચાંદીના દાગીના પરત માંગતા દાગીના પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એસ.ચૌહાણ ચલાવે છે.

નારોલઃ હુઝેફા યુસુફભાઇ ઘડીયાળી (ઉ.વ.૪૩) (રહે. બુરહાની પાર્ક આમેના સીટી પાસે ખ્વાજાનગર નારોલ) એ તા.૨૧/૦૫/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૬ થી તા.૦૭/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ટેલીગ્રામ યુઝર Neha Sharma તથા Vikram-tutor એ હુઝેફા ઘડીયાળી નાઓને લોભામણી લાલચ આપી વિશ્વાસમાં લઈ ટેલીગ્રામ પર અલગ–અલગ ઈન્વસ્ટમેન્ટ માટેના ટાસ્ક આપી હુઝેફા ઘડીયાળીના ખાતામાંથી ઓનલાઈન ટ્રાન્સફર કરાવી કુલ રૂપિયા ૯૫,૦૦૦/– મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

નવરંગપુરાઃ જીતેન્દ્રભાઇ અંબાલાલ કલાલ (ઉ.વ.૩૧) (રહે. શિવાલય એપાર્ટમેન્ટ લક્ષ્મી વિદ્યામંદિર સ્કુલ પાસે વેજલપુર) એ તા.૨૧/૦૫/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અમદાવાદ સી.જી.રોડ ઉપર આવેલ રીડ એન્ડ ટેલરના સ્ટોરમાં સ્ટોર મેનેજર તરીકે નોકરી કરતા કેતનકુમાર મેલાભાઇ ચાવડા (રહે.ટાવર બજાર ચાર રસ્તા કહાન દાસનો ટેકરો વેરાઇ માતા ચોપાટો આણંદ) નાઓએ તા.૦૧/૦૨/૨૦૨૬ થી તા.૦૬/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન જીતેન્દ્રભાઇ કલાલની કંપનીના સ્ટોરમાં વેચાણની જમા થયેલ રકમમાંથી રૂપિયા ૧,૫૪,૩૯૮/– કંપનીમાં જમા નહી કરાવી કંપનીમાંથી નોકરી છોડી જતા રહી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૨૨/૨૦૨૬**

નારોલઃ અક્ષય સુરેશભાઈ વાઘેલા (ઉ.વ.૩૨) (રહે. તક્ષશિલા આંબેડકર આવાસ યોજના ગાય સર્કલ પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૪/૨૦૨૬ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે નારોલ શાહવાડી પાર્વતીનગર ખાતે સાસરીમાં પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી જતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૧/૦૫/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

મેઘાણીનગરઃ મેઘાણીનગર રામેશ્વર કુંભાજીની ચાલીની અંદર ગુરૂજીની ચાલી ખાતે રહેતા રાધેશ્યામ રૂપસિંગ સીકરવાર નાઓની સગીર વયની પુત્રીએ બિમારીથી કંટાળી તા.૨૧/૦૫/૨૦૨૬ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ધોતી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૦૧/૧૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.બી.પટેલ ચલાવે છે.

ખોખરાઃ રાજેન્દ્રકુમાર રામમૂર્તિ વિજોન (ઉ.વ.૫૦) (રહે. નેશનલ પાર્ક હાટકેશ્વર ડેપો પાછળ ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૫/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી.આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કુલદીપસિંહ ભરતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી